પત્રિકા
૧૬૦

# ચિરાગે હિદાયત

૨૫/૦૫/૧૮
૯ રમઝાન

## જનાબે ખદીજતુલ કુબરા(સ.અ.)

ઈતિહાસમાં જે ઝમાનામાં ઔરતો (સ્ત્રી)ઓની કોઈ કદ્રો કિંમત ન હતી દિકરીઓને જન્મની સાથે જ દાટી દેવામાં આવતી તેવા ઝમાનામાં એવા સમાજમાં જનાબે ખદીજતુલ કુબરા (સ.અ.)ની ઈઝઝત અરબોમાં એ હતી કે આપ(સ.અ.) 'મલેકતુલ અરબ' હતા અને એ ઈતિહાસનો એક મોઅજીઝો છે.

* *આપ(સ.અ.)ની ફઝીલતોઃ*

જયારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની પત્નીઓની ફઝીલતોની ચર્ચા થતી હોય ત્યારે જનાબે ખદીજા(સ.અ.) કે જેઓ રસૂલુલ્લાહ(સ.અ.વ.)ના પહેલા પત્ની હતા તેમની સાથે કોઈની બરાબરી શકય નથી. આપ(સ.અ.)ની બેશુમાર ફઝીલતો છેઃ

૧) જનાબે ખદીજા(સ.અ.) અલ્લાહ અને તેના રસૂલ(સ.અ.વ.) ઉપર ઈમાન લાવવામાં અને જે કાંઈ આપ(સ.અ.વ.)એ પહોંચાડયું તે માનવામાં સૌ પ્રથમ સ્ત્રી હતા.

૨) જનાબે ખદીજા(સ.અ.) દુનિયાની ચાર બહેતરીન (શ્રેષ્ઠ) સ્ત્રીઓમાંથી એક હતા.

૩) જયારે જનાબે ખદીજતુલ કુબરા(સ.અ.)એ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને પોતાની તમામ દૌલત આપી દીધી ઈસ્લામ માટે તેની ફઝીલતમાં અલ્લાહતઆલાએ કુરઆનમાં આયત નાઝીલ કરી.

**અને તને મોહતાજ પામી તને શ્રીમંત નથી બનાવ્યો?** *(સૂરએ ઝોહા, આયત નં.૮)*

૪) જનાબે ખદીજા(સ.અ.)એ કયારેય પણ મૂર્તિપૂજા કરી ન હતી અને આપ(સ.અ.) પાક શજરાથી હતા.

૫) આપ(સ.અ.) હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના પહેલા પત્ની હતા અને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) આપ(સ.અ.)ને શ્રેષ્ઠ તરીકાથી યાદ કરતા (આપની વફાત બાદ) હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવતા ''બેશક તેણી મારા ઉપર (ઈસ્લામ કબૂલ કરવામાં) ઈમાન લાવી જયારે લોકો મને માનતા ન હતા, તેણીએ મારી સચ્ચાઈની ગવાહી આપી જયારે લોકો મારો ઈન્કાર કરતા હતા, તેણીએ પોતાની દૌલત ન્યોછાવર કરી દીધી જયારે લોકોએ મને પોતાની દૌલતથી વંચીત રાખ્યો, અલ્લાહતઆલાએ તેણીને ફરઝંદો અતા કર્યા જયારે બીજી પત્નીઓને ફરઝંદોથી વંચિત રાખી.

હ.આયેશાનું બયાન છે કે **''જયારે પણ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને ખુશ કરવા હોય તો તેમની સામે જનાબે ખદીજા(સ.અ.)નું વર્ણન કરવામાં આવતું.''**

* અલ્લાહતઆલાએ કુરઆનમાં તેના ચૂંટાયેલા બંદાઓ (નબીઓ) ઉપર સલામ મોકલ્યા છે. જેમકે જનાબે ઈસા(અ.સ.), જનાબે યહ્યા(અ.સ.), જનાબે ઝકરીયા(અ.સ.) ઉપર અને બીજા ઘણા નબી ઉપર સલામ મોકલ્યા છે. ખરેખર આ હસ્તીઓ અલ્લાહની નઝદીક એક બલંદ મરતબો રાખે છે. કિતાબો અને હદીસની રોશનીમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની પ્રથમ પત્ની જનાબે ખદીજા(સ.અ.) માટે અલ્લાહતઆલાએ સલામ મોકલ્યા છે.

રિવાયતોમાં છે કે જયારે પણ જનાબે જિબ્રઈલ રસૂલલ્લાહ(સ.અ.વ.)ની ખિદમતમાં આવતા તો જયાં સુધી જનાબે ખદીજા(સ.અ.) જીવંત હતા તેમને પણ સલામ કરતા. જનાબે જિબ્રઈલ જયારે પણ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની ખિદમતમાં આવતા અને જનાબે ખદીજા(સ.અ.)ને ત્યાં મૌજૂદ ન જોતા તો કહેતા કે આપ તેમને અમારા સલામ આપજો.

આવી જ રીતે મેઅરાજની રિવાયતોમાં મળે છે કે જયારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) મેઅરાજથી પાછા ફરી રહ્યા હતા તો હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ જનાબે જિબ્રઈલને પૂછયું કે ''શું તમારી કોઈ હાજત છે?'' ત્યારે જનાબે જિબ્રઈલે કહ્યું કે ''હા, હું ચાહું છું કે આપ(સ.અ.વ.)ને અલ્લાહ તરફથી અને જનાબે ખદીજા(સ.અ.)ને મારા તરફથી સલામ પહોંચાડજો.'' જયારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની મુલાકાત જનાબે ખદીજા(સ.અ.)થી થઈ તો આપ(સ.અ.વ.)એ તેમને સલામ પહોંચાડયા. આ હતી જનાબે ખદીજા(સ.અ.)ની ફઝીલત કે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના પત્નીઓમાં માત્ર જનાબે ખદીજા(સ.અ.) ઉમ્મુલ મોઅમેનીન કહેવાયા.

અઝીઝો! આ અઝીમ ફઝીલતો ધરાવનાર આજના સમાજમાં આપણી સ્ત્રીઓ માટે ચોકકસ નમૂનએ અમલ છે. ખૂબજ ધનવાન માતા-પિતાની દિકરી અને દરેક એશો આરામમાં ઉછરેલા અને વળી પોતે એક વેપારી હતા. છતાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની સાથે આપના નિકાહ થયા બાદ આપ(સ.અ.)એ તેમની સાથે એક પણ શિકાયત વગર ૨૫ વર્ષ તેમની સાથે વિતાવ્યા. આપ(સ.અ.)ની વફાતથી હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ખૂબજ ગમગીન થયા અને તેજ વર્ષે જનાબે અબુતાલીબ(અ.સ.)ની પણ વફાત થઈ હતી તેથી આ બંને મોહસીને ઈસ્લામની વફાતના કારણે તે વર્ષને આમુલ હુઝન (ગમનું વર્ષ) તરીકે મનાવવામાં આવ્યું.

## જનાબે મુખ્તાર

જનાબે મુખ્તાર એ શખ્શીય્યત હતા કે જેમણે વાકેઅ કરબલા બાદ ઈમામ હુસૈન(અ.સ.)ના કત્લનો ઈન્તેકામ લીધો અને જયારે તેઓ ઈબ્ને ઝિયાદ(લ.અ.) અને ઉમરે સાદ(લ.અ.)નું સર ઈમામ(અ.સ.)ની સામે લઈને ગયા ત્યારે ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.)એ તેને જોઈને સજદએ શુક્ર કર્યો અને ફરમાવ્યું કે ''શુક્ર છે તે અલ્લાહ કાદીરનો કે જેણે અમારા દુશ્મનોથી ઈન્તેકામ લીધો. ખુદા જનાબે મુખ્તારને જઝાએ ખૈર આપે.''

*(બેહાર્રુલ અન્વાર, ભાગ-૨, પેજ નં.૧૭૧)*

# ઈમામે હસન (અ.સ.)

જન્નતના જવાનોના સરદાર હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના નવાસા, હઝરત અલી(અ.સ.) અને જનાબે ઝહરા(સ.અ.)ના ફરઝંદ, ઈમામતની બીજી કડી હઝરત ઈમામ હસન(અ.સ.)ની પરહેઝગારી, સખાવત, નમ્રતા, ઈબાદતો અને તેમના ઈલ્મ માટે શું કહેવું? જેમની પરવરીશ માઅસુમ(અ.મુ.સ.)ની ગોદમાં થઈ હોય, જેમની હાજરીમાં વહીઓ ઉતરતી અને આપ(અ.સ.) તેમને બયાન કરતા.

* *આપ(અ.સ.)ની ઉદારતાઃ*

આપ(અ.સ.) ખૂબજ નમ્ર અને ઉદાર સ્વભાવના હતા. એક વખત એક કનીઝે ઈમામ હસન(અ.સ.)ને ફુલનો ગુલદસ્તો ભેટ આપ્યો, આપ(અ.સ.)એ તે સ્વીકારીને કહ્યું ''જા! મેં તને ખુદાના નામ પર આઝાદ કરી દીધી.'' કોઈ માણસે આપ(અ.સ.)ને પૂછ્યું કે ''આનું કારણ શું છે?'' આપ(અ.સ.)એ કહ્યું કે ખુદા ફરમાવે છે કે ''જો કોઈ તમને ભેટ આપે તો તમે તેને તેનાથી પણ સારી ભેટ આપો અને તેના માટે આઝાદીથી વધારે સુંદર ભેટ કઈ હોય શકે?''

* *આપ(અ.સ.)ની નમ્રતાઃ*

ઉમર ઈબ્ને ઈસ્હાક કહે છે કે મરવાન મદીનામાં અમારી ઉપર સત્તા ભોગવતો હતો અને દરેક જુમ્આના દિવસે મીમ્બર ઉપર બેસીને મૌલા અલી(અ.સ.) વિશે અપશબ્દો બોલતો હતો. હઝરત ઈમામ હસન(અ.સ.)ને તે ખબર મળી હતી છતાં આપ(અ.સ.)એ તેનો કાંઈ પણ જવાબ આપ્યો નહીં. એક વખત મરવાને કોઈની સાથે આપને કેટલીક કઠોર વાતો કહેવરાવી. આપ(અ.સ.)એ કહ્યું તમે તેને જઈને કહી દો કે ''અમે તારી કોઈ વાત ભૂલ્યા નથી અને આપણી વચ્ચે ન્યાય કરનાર ખુદા છે. જો તું સાચું કહી રહ્યો હોય તો ખુદા તને તેનો અજ આપે અને જો તું જુઠું બોલી રહયો હોય તો ખુદાનો અઝાબ ઘણો ઉગ્ર છે.''

* *આપ(અ.સ.)નું ઈલ્મઃ*

એક દિવસ હઝરત અલી(અ.સ.)એ હઝરત ઈમામ હસન(અ.સ.)ને નીચે પ્રમાણે પ્રશ્નો પૂછયા. આપ(અ.સ.)એ તેનો આ પ્રમાણે જવાબ આપ્યો જે આપણા માટે એક અઝીમ સબક છે.

સ.) નેકી શું છે? જ.) બુરાઈનો બદલો ઉપકારથી વાળવો.

સ.) કાયરતા શું છે? જ.) સત્યની વિરૂધ્ધ રહેવું અને દુશ્મનથી દુઃખ પામવું તે.

સ.) ડહાપણ શું છે? જ.) ક્રોધને ગળી જવું અને ઈચ્છાઓ ઉપર અંકુશ રાખવો તે.

સ.) તવંગરી શું છે? જ.) તકદીરે ઈલાહી ઉપર પોતાના નફસને રાજી રાખવો તે.

**સ.) મોટાઈ શું છે?**
જ.) વિચારોની મકકમતા અને અપરાધની માફી.
**સ.) મનની પવિત્રતા શું છે?**
જ.) નેકી કરવી અને બુરાઈ મૂકી દેવી તે.
**સ.) ગરીબી શું છે?**
જ.) દરેક વસ્તુ માટે હૃદય લાલચ રાખે તે.
**સ.) શોર્ય શું છે?**
જ.) કુટુંબીજનોથી હળીમળીને રહેવું તે.
**સ.) હોંશિયારી શું છે?**
જ.) નમ્ર બનવું અને સત્તાશાળી સાથે નમ્રતાથી વર્તવું તે.
**સ.) મૂર્ખાઈ શું છે?**
જ.) ખરાબ માણસોના પગલે ચાલવું અને ખોટા માર્ગે ચઢેલાઓ સાથે બેઠક રાખવી તે.
**સ.) બેદરકારી શું છે?**
જ.) મસ્જિદને મૂકી દેવી અને ટંટો ફસાદ કરનારને અનુસરવું તે.

* *હઝરત ઈમામ હસન (અ.સ.)નો બોધ :*

**"હે મનુષ્યો (લોકો)! કુકર્મોથી બચશો તો આબીદ બની જશો. ખુદાએ નિર્માણ કરેલા ભાગ્યથી સંતોષ માનશો તો તવંગર થઈ જશો, પડોશી ઉપર ઉપકાર કરશો તો મુસલમાન બની જશો.**

**હે લોકો ! જયારથી તમે તમારી માતાના પેટથી જુદા પડયા ત્યારથી તમારૂ આયુષ્ય ઘટવા લાગ્યું છે, માટે જે તમારી પાસે છે તેનાથી બીજાઓને મદદ કરીને નેકી પ્રાપ્ત કરો. મોઅમીન તેજ છે જે મૃત્યુની મુસાફરી માટે મોટું ભાથું તૈયાર કરે અને નાસ્તિક તે છે જે દુનિયાના એશો આરામમાં તલ્લીન રહે છે. સૌથી ઉત્તમ ભાથું ખુદાનો ડર અને નેકી છે."**

અઝીઝો! આવો આપણે સૌ મળીને અલ્લાહતઆલા પાસે દુઆ કરીએ કે અલ્લાહ આપણને એહલેબૈત(અ.મુ.સ.)ના બતાવેલા રસ્તા ઉપર ચાલવાની તૌફીક આપે અને ઝમાનાના ઈમામ(અ.સ.)ના ઝુહુરમાં જલ્દી કરે. ઈ.આમીન

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com